GJVD020013022025

<u>વડોદરાના ૧૩માં અધિક જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ</u>

**ફોજદારી કેસ નંબર–૮૫૩/૨૦૨૫**

**આંક–**

**ફરીયાદીઃ– શ્રી સરકાર**

**<u>વિરુદ્ધ</u>**

**આરોપીઃ– હેમલ દિલીપકુમાર ઘાટલીયા**

**ગુનોઃ– <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫ મુજબનો</u>.**

**– ચુકાદો –**

(૧) આ કામે ફરીયાદપક્ષે આરોપી ઉપર **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫** મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનાના આરોપીને સમન્સ કરતાં, આરોપી હાજર થયેલા અને તેમને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦** મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતાં, આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરી, ગુના કબુલાત પુરસીસ કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીનું પ્રાથમિક નિવેદન લેતાં, આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનો સ્વીકાર કરી, એવી રજુઆત કરેલ છે કે, તેઓનો હાલનો પ્રથમ ગુનો છે, તેમની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી છે, હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહીં, દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેમની

સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય પરિસ્થિતિ નજર સમક્ષ રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે જ રીતે, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **STATE OF GUJARAT V/S NATVARN HARKHACHANDJI THAKOR 2005(1) = G.L.P.709: 2005 (1) GCD 749** માં ઠરાવેલ સિદ્ધાંતો નજર સમક્ષ રાખતાં, કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે, તેવું સદર ચુકાદામાં ઠરાવેલ છે, જે અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**– <u>હુકમ</u> –**

➔ આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૫** અન્વયે **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫** ના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને **રૂા.૨૦૦૦/–** (અંકે રૂપિયા બે હજાર પુરા)નાદંડની સજાનો હુકમ ફરામાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો **દિન– ૨૦** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તારીખ **૦૮ મી** માહે **માર્ચ,** સને **૨૦૨૫** ના રોજ **સ્પેશીયલ સીટીંગમાં** વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫.
વડોદરા.
લોકઅદાલત.

**(એન.બી.શર્મા)**
૧૩માં અધિક જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.,
વડોદરા.
**કોડ નંબર–જીજે ૦૧૭૨૮**